| GJBK020051872026 | ક્રિ.પરચુરણ અરજી નં.૨૫૭/૨૦૨૬ |
|---|---|

## -:: આંક-૧ લગત હુકમ ::-

(૧) અરજદારની અરજી વંચાણે લીધી, અરજદારની અરજી સાથે રજુ થયેલ સાધનીક કાગળો ધ્યાને લીધા, અરજીના અનુસંધાને અરજદારના વિ.વ.શ્રી. આર.વી.સોલંકીને તથા અરજદાર તરફેના પ્રોક્ષી વિ.વ.શ્રી એ.એમ.દેસાઈને તથા એ.પી.પી.શ્રીને તથા અરજદારે પોલીસ સ્ટેશન અને પોલીસ અધિક્ષકશ્રી, પાલનપુરને કરેલ ફરીયાદ/અરજીની તપાસ કરનાર ત.ક.અમલદાર શ્રી અ.હે.કો.દિનેશભાઈ નાથુભાઈ, બ.નં.૧૩૦૧ ને સાંભળ્યા તથા તેઓએ આ અરજીના અનુસંધાને રજુ કરેલ સાધાનીક કાગળો ધ્યાને લીધા તથા ન્યાયતંત્રના સ્થાપિત સિધ્ધાંતો તથા કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લીધી.

(૨) અરજદાર તરફે મુખયત્વે તેઓની અરજી મુજબની રજુઆત કરી વધુમાં એવી રજુઆત કરેલ છે કે, અરજદારની ફરીયાદ/અરજીની હકીકત ધ્યાને લેતા તેના પરથી કોગ્નીઝેબલ ગુનો બનતો હોવાનું પ્રથમ દર્શનીય રીતે ફલીત થતુ હોય અરજદારની અરજી મંજુર કરી પોલીસને તપાસ કરવા આદેશ આપવો જોઈએ તેમ જણાવી હાલના અરજદારની હાલની અરજી મંજુર કરવા અરજ ગુજારેલ છે. વધુમાં અરજદારે તેઓની હાલની અરજીમાં પોલીસ વિરૂધ્ધ એવા આક્ષેપ કરેલ છે કે, હાલની અરજીના તેઓ અરજદાર જયારે પોલીસ સ્ટેશને ગયા ત્યારે તા. ૨૭/૧૧/૨૦૨૫ ના રોજ તેઓ અરજદારે તેઓની ફરીયાદ સબંધે કોઈ કાર્યવાહી કરવી નથી તેવો અરજદારનો જવાબ પોલીસે પોતાની રીતે લખી લઈ અરજદારના આ તા. ૨૭/૧૧ /૨૦૨૫ ના જવાબમાં પોલીસે અરજદારના અંગુઠાનું ખોટું નીશાન પોતે કરી લીધેલ છે તેવા આક્ષેપ અરજદારે તેઓની અરજીમાં પોલીસ વિરૂધ્ધ કરેલ હોય,

તે બાબતે તેઓ શું કહેવા માંગે છે તેવું અરજદારના વિ.વ.શ્રીને અત્રેની કોર્ટે પુછતાં અરજદારના વિ.વ.શ્રીએ ખુલ્લી અદાલતમાં એવું જાહેર કરેલ છે કે, હાલની અરજીના અરજદાર તરફે આ કામે રજુ થયેલ હાલના અરજદારનો પોલીસ રૂબરૂનો તા. ૨૭/૧૧ /૨૦૨૫ નો જવાબ છે તે જવાબમાં અરજદારના પોતાના અંગુઠાનું નીશાન છે તેવું ખુદ હાલની અરજીના અરજદારના વિ.વ.શ્રી એ ખુલ્લી અદાલતમાં સ્વીકારેલ છે. જયારે એ.પી.પી.શ્રીએ અને અ.હે.કો. દિનેશભાઈ નાથુભાઈએ હાલની અરજીના અનુસં ધાને એવી રજુઆત કરેલ છે કે, હાલની અરજીના અરજદારે ખુદ પોલીસ સ્ટેશને જઈ તેઓએ પોલીસને આપેલ ફરીયાદ બાબતે તેઓ કાંઈ કરવા માંગતા નથી તેવો જવાબ લખાવેલ છે અને આ જવાબમાં હાલની અરજીના અરજદારે પોતાનો અં ગુઠો પર કરી આપેલ હોય અને હાલની અરજીના અરજદારના દીકરાએ પણ ગુજરનારની સારવાર કરનાર ડોકટરશ્રી સમક્ષ તેઓ કોઈ કાર્યવાહી કરવા માંગતા નથી તેવું લેખીતમાં જણાવેલ હોવાથી તેઓ ત.ક.અમલદારે અરજદારની ફરીયાદ બાબતે કોઈ કાર્યવાહી કરેલ નથી તેવી રજુઆત કરેલ છે અને તે ઉપરાંત ત.ક.અમલદારે તેઓની ઉપરોકત રજુઆતના સમર્થનમાં આ કામે ગુજરનારની સારવાર કરનાર ડોકટરશ્રીએ પોલીસ સ્ટેશને લખાવેલ બે વર્ધીના ઉતારાની નકલ તથા ગુજરનારની સારવાર કરનાર ડોકટરશ્રી સમક્ષ ગુજરનારના પુત્રએ લેખીતમાં આપેલ લખાણ તથા હાલના અરજદારના પોલીસ સમક્ષના નીવેદનમાં હાલના અરજદારનો જ અંગુઠો હોવા બાબતનો લેખીત ખુલાસો રજુ કરેલ છે.

(૩) હવે હાલના અરજદારની હાલની અરજી તથા હાલના અરજદારની હાલની અરજીના અનુસંધાને અરજદાર તરફે તથા ત.ક.અમલદાર તરફે રજુ થયેલ સાધનીક કાગળો તથા ઉભય પક્ષની રજુઆત તથા ન્યાયતંત્રના સ્થાપિત સિધ્ધાંતો તથા કાયદાકીય જોગવાઈ ધ્યાને લઈ હાલની અરજીનો નીર્ણય કરવામાં આવે તો, અરજદાર તરફેની હાલની અરજી વંચાણે લેવામાં આવે તો અરજદારે હાલની અરજી, મુખયત્વે તેઓ અરજદારે હાલની અરજીમાં જણાવેલ બનાવની હકીકત પરથી તથા તેઓ

અરજદારે પોલીસ સ્ટેશને અને પોલીસ અધીક્ષકશ્રી ને કરેલ ફરીયાદ/અરજીમાં જણાવેલ બનાવની હકીકત પરથી કોગ્નીઝેબલ ગુનો બનતો હોવાનું પ્રથમ દર્શનીય રીતે ફલીત થતુ હોય અરજદારે કરેલ હાલની અરજીના અનુસંધાને તથા અરજદારે પોલીસ સ્ટેશને અને પોલીસ અધિક્ષકશ્રીને આપેલ અરજી/ફરીયાદના અનુસંધાને ગઢ પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારી તેઓની ફરીયાદ રજીસ્ટર્ડ કરી કાયદા મુજબની તપાસ કરે તેવા આદેશ આપવા હાલના અરજદાર તરફે હાલની અરજી કરવામાં આવેલ હોવાનું જણાઈ આવે છે તેથી આ તબકકે હાલની અરજીનો નીર્ણય કરતા પહેલા નામદાર સર્વોચ્ચ અદાલતના તાજેતરના, OM PRAKASH AMBADKAR VS THE STATE OF MAHARASTRA, 2025 LIVE LAW (SC) 139, CRIMINAL APPEAL NO. 352 OF 2020, DECIDED ON 16/01/2025 ના ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે સી.આર.પી.સી. ની કલમ–૧૫૬ (૩) અને બી.એન.એસ.એસ. ની કલમ–૧૭૩ ની અરજીઓના અનુસંધાને પ્રસ્થાપિત કરેલ માર્ગદર્શક સિધ્ધાંતો વંચાણે લેવા ખુબજ જરૂરી જણાઈ આવે છે અને તેથી આ તબકકે સૌ પ્રથમ નામદાર સર્વાચ્ચ અદાલતે ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ માર્ગદર્શક સિધ્ધાંતો વંચાણે લેવામાં આવે તો આ ચુકાદાના પેરા નં–૧૧ માં નામદાર સર્વોચ્ચ અદાલતે,

11. However, what is important to observe is that whenever any application is filed by the complainant before the Court of Judicial Magistrate seeking police investigation under Section 156 (3) of the Cr.P.C., it is the duty of the concerned Magistrate to apply his mind for the purpose of ascertaining whether the allegations levelled in the complaint constitute any cognizable offence or not. In other words, the Magistrate may not undertake the exercise to ascertain whether the complaint is false or otherwise, **however, the Magistrate is obliged before he proceeds to pass an order for police investigation to closely consider whether the necessary ingredients to constitute the alleged offence are borne out on plain reading of the complaint.** તેવો મુખ્ય માર્ગદર્શક સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે અને તેના પરથી એવું ફલીત થાય છે કે, સી.આર.પી.સી.

ની કલમ–૧૫૬ (૩) મુજબ પોલીસ તપાસ માટેની અરજી દાખલ કરવામાં આવે ત્યારે ફરીયાદમાં કરેલ આક્ષેપ પરથી કોગ્નીઝેબલ ગુનો બને છે કે કેમ તે નકકી કરવા માટે જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીએ **<u>ન માત્ર</u>** પોતાનું માઈન્ડ એપ્લાય કરવાની જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીની ફરજ છે, પરંતુ તે ઉપરાંત આવી પોલીસ તપાસની અરજીના કામે **જયુડીશયલ મેજીસ્ટ્રેટશ્રી પોલીસ તપાસના આદેશ આપે તે પહેલા જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, ફરીયાદીની ફરીયાદ જેમ ની તેમ વંચાણે લઈ ફરીયાદમાં આક્ષેપાયેલ ગુનાના આવશ્યક તત્વો ફરીયાદીની ફરીયાદમાં જણાવેલ હકીકતો પરથી ફલીત થાય છે કે કેમ તે ચકાસવા પણ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી બંધાયેલ છે,** હવે નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોકત ચુકાદામાં જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી ની દર્શાવેલ ફરજો અને આ ચુકાદાના અત્રેની કોર્ટને બંધનકર્તા માર્ગદર્શક પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને રાખી હાલની અરજીનો નીર્ણય કરવામાં આવે તો, જોકે, હાલના અરજદારની હાલની અરજીમાં દર્શાવેલ આક્ષેપાયેલ ગુનાની કલમો ધ્યાને લેવામાં આવે તો તે પૈકીની બી.એન.એસ. ની કલમ–૨૮૧,૧૨૫(એ),૧૨૫ (બી), ૧૦૬ (૧) તથા એમ. વી.એકટ ની કલમ–૧૮૪ ની કલમો કોગ્નીઝેબલ ગુનાને લગતી કલમો હોવાનું જણાઈ આવે છે અને તે સિવાયની અરજદારની હાલની અરજીમાં દર્શાવેલ એમ.વી.એકટની કલમ –૧૭૭ તથા ૧૩૩ તે નોન કોગ્નીઝેબલ ગુનાને લગતી કલમો હોવાનું જણાઈ આવે છે, પરંતુ **ઉપરોકત ચર્ચા કર્યા મુજબના નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેતા તે મુજબ અત્રેની કોર્ટની <u>ન માત્ર</u> કોગ્નીઝેબલ ગુનાની ફરીયાદ છે કે કેમ તે જોવાની ફરજ છે, પરંતુ તે ઉપરાંત <u>ફરીયાદીની ફરીયાદ જેમ ની તેમ વંચાણે લઈ ફરીયાદમાં આક્ષેપાયેલ ગુનાના આવશ્યક તત્વો ફરીયાદીની ફરીયાદમાં જણાવેલ હકીકતો પરથી ફલીત થાય છે કે કેમ તે ચકાસવા પણ અત્રેની કોર્ટ બંધાયેલ છે</u>** અને તેથી હવે હાલના અરજદારની હાલની અરજીની હકીકત ધ્યાને લઈ તથા અરજદારે આ કામે રજુ કરેલ તેઓ અરજદારે પોલીસ સ્ટેશન અને પોલીસ અક્ષીક્ષકશ્રીને આપેલ અરજી/ફરીયાદીની હકીકત ધ્યાને લઈ શું તેના પરથી હાલના અરજદારે હાલની અરજીમાં દર્શાવેલ

બી.એન.એસ. ની કલમ–૨૮૧, ૧૨૫ (એ), ૧૨૫ (બી) ૧૦૬ (૧) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ તથા ૧૩૩ ની કલમોના આવશયક તત્વો પ્રથમ દર્શનીય રીતે ફલીત થાય છે કે કેમ તે જોવામાં આવે તો, તેના માટે સૌ પ્રથમ અરજદારે હાલની અરજીમાં દર્શાવેલ ઉપરોકત કલમોના આવશ્યક તત્વો ધ્યાને લેવા ખુબજ આવશ્યક છે. જે નીચે મુજબ છે.

**(૧) બી.એન.એસ. ની કલમ–૨૮૧ –** જાહેર રસ્તા પર બેકાળજીથી વાહન ચલાવવુ અથવા સવારી કરવી.

**(૨) બી.એન.એસ. ની કલમ–૧૨૫ (એ)(બી)** –બીજાઓની જીદંગી જોખમમાં મુકાય અથવા શારીરીક સલામતી જોખમમાં મુકાય તેવું કૃત્ય કરવુ.

**બી.એન.એસ. ની કલમ–૧૦૬ (૧)–**બેદકારીથી મૃત્યુ નીપજાવવું.

**એમ.વી.એકટની કલમ–૧૭૭–** એમ.વી.એકટ હેઠળના કોઈ પણ નીયમો, રેગ્યુલેશન અને નોટીફીકેશનનો ભંગ કરવો.

**એમ.વી.એકટની કલમ–૧૮૪–**પુરઝડપે અને જોખમકારક રીતે વાહન ચલાવવું.

**એમ.વી.એકટની કલમ–૧૩૩–**વાહનના માલીકે વાહન ચાલકની નામ, સરનામુ અને લાયસન્સની વિગત આપવા બાબત.

હવે અરજદારની હાલની અરજીની હકીકતો તથા હાલના અરજદારે આ કામે રજુ કરેલ તેઓએ પોલીસ સ્ટેશન અને પોલીસ અધિક્ષકશ્રીને કરેલ અરજી/ફરીયાદની હકીકત જેમ ની તેમ ધ્યાને લઈ તેના પરથી અરજદારે હાલની અરજીમાં દર્શાવેલ કલમોના ઉપરોકત ચર્ચા કર્યા મુજબના આવશ્યક તત્વો ફલીત થાય છે કેમ તે જોવામાં આવે તો, હાલના અરજદારની હાલની અરજી તથા અરજદારે પોલીસ સ્ટેશન તથા પોલીસ અધિક્ષકને કરેલ અરજી/ફરીયાદની સમગ્ર હકીકત જેમની તેમ વંચાણે લેવામાં આવે તો તેમાં અરજદાર/ફરીયાદીએ સપષ્ટ પણે ફકત એટલું જ લખેલ હોવાનું જણાઈ આવે છે કે તેઓ અરજદાર/ફરીયાદીના કાકાના દિકરા વજેસિંહજી

અને તેઓ અરજદાર/ફરીયાદીના પત્ની મોટર સાયકલ પર જતા હતા ત્યારે બનાવ સ્થળે લડતા કુતરા આગળ આવતા આ તકરારી મોટર સાયકલ સ્લીપ થઈ જતા તેઓ અરજદાર/ફરીયાદીના પત્નીનું માથુ કુટી જવાથી તેઓ અરજદાર/ફરીયાદીની પત્નીનું સારવાર દરમ્યાન અવસાન થઈ ગયેલ છે અને અરજદારે તેઓની હાલની અરજીમાં તથા અરજદારે પોલીસ સ્ટેશને અને પોલીસ અધિક્ષકને કરેલ અરજીમાં જણાવેલ ઉપરોકત હકીકતો પરથી, તકરારી કહેવાતો બનાવ મોટર સાઈકલ ચાલક અરજદારના કાકાના દીકરા વજેસિહની બેદરકારીના કારણે નહી પણ તકરારી મોટર સાઈકલ આગળ લડતા કુતરા આવવાથી હાલનો બનાવ બનેલ હોવાની હકીકત ફલીત થાય છે અને હાલના અરજદારની હાલની અરજી તથા હાલના અરજદારે પોલીસ સ્ટેશન તથા પોલીસ અધિક્ષકને કરેલ અરજી/ફરીયાદની સમગ્ર હકીકત જેમની તેમ વંચાણે લેવામાં આવે તો તેના પરથી આરોપી સામે આક્ષેપાયેલ ગુનાના ઉપરોકત ચર્ચા કર્યા મુજબના આવશ્યક તત્વો મુજબ, હાલના અરજદારના કાકાના દીકરા વજેસિંહના તકરારી મોટર સાઈકલ પુરઝડપે અને બેદરકારી પુર્વક કોઈની જીદંગી જોખમમાં મુકાય તે રીતે જાહેર રસ્તા પર વાહન ચલાવવાના કારણે હાલનો બનાવ બનેલ હોય અને અરજદારના કાકાના દીકરા વજેસિંહના આવી રીતે પુરઝડપે અને બેદરકારી પુર્વક અને કોઈની જીદંગી જોખમમા મુકાય તે રીતે જાહેર રસ્તા પર વાહન ચલાવવાના કારણે હાલના બનાવમાં અરજદારના પત્નીને વ્યથા તથા મહાવ્યથાની ઈજા થવાથી અરજદારના પત્નીનું અવસાન થયેલ હોય કે અરજદારના કાકાના દીકરા વજેસિંહએ મોટર વ્હીકલ એકટના કોઈ નીયમ, નોટીફીકેશન કે અન્ય કલમનો ભંગ કરેલ હોય તેવી હકીકત ફલીત થતી નથી અને તે ઉપરાંત અરજદારે તેઓની હાલની અરજીમાં તથા અરજદારે તેઓની પોલીસ સ્ટેશને અને પોલીસ અધિક્ષકને આપેલ અરજી/ફરીયાદમાં પણ કયાંય પણ તેઓ અરજદારના કાકાના દીકરા વજેસિંહના તકરારી મોટર સાઈકલ પુરઝડપે અને બેદરકારી પુર્વક કોઈની જીદંગી જોખમમાં મુકાય તે રીતે જાહેર રસ્તા પર વાહન ચલાવવાના કારણે હાલનો બનાવ બનેલ

હોય અને તેઓ અરજદારના કાકાની દીકરા વજેસિંહના આવી રીતે પુરઝડપે અને બેદરકારી પુર્વક અને કોઈની જીદંગી જોખમમા મુકાય તે રીતે જાહેર રસ્તા પર વાહન ચલાવવાના કારણે હાલના બનાવમાં અરજદારના પત્નીને વ્યથા તથા મહાવ્યથાની ઈજા થવાથી અરજદારના પત્નીનું અવસાન થયેલ હોય કે અરજદારના કાકાના દીકરા વજેસિંહએ મોટર વ્હીકલ એકટના કોઈ નીયમ, નોટીફીકેશન કે અન્ય કલમનો ભંગ કરેલ હોય તેવી કોઈ હકીકત શુધ્ધા જણાવેલ હોય તેવું પણ જણાઈ આવતુ નથી અને તેથી અરજદારની હાલની અરજી તથા હાલના અરજદારે પોલીસ સ્ટેશન અને પોલીસ અધિક્ષકીશ્રી નાઓને કરેલ અરજી/ફરીયાદ જેમની તેમ વંચાણે લેવામાં આવે તો પણ તેના પરથી અરજદારે હાલની અરજીમાં દર્શાવેલ ઉપરોકત કલમના ઉપરોકત ચર્ચા કર્યા મુજબના આવશ્યક તત્વો ફલીત થતા નથી અને તેથી નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોકત ચુકાદા વાળા કેસમાં પણ હાલની અરજી જેવા જ સંજોગો હતા અને નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોકત ચુકાદા વાળા કેસમાં પણ નામદાર સર્વોચ્ચ અદાલતે જે તે અરજદારની અરજીમાં જણાવેલ હકીકતો પરથી અરજદારે આક્ષેપેલ ગુનાના આવશ્યક તત્વો ફલીત થતા ન હોય **નામદાર સર્વોચ્ચ અદાલતે તેઓના ઉપરોકત ચુકાદાના પેરા નં-૨૭ માં,** **we are convinced that no case is made out to put the appellant/accused to trial for the alleged offence. Continuance of the investigation by the police will be nothing short of abuse of the process of law.** તેવું ઠરાવી નામદાર સર્વાચ્ચ અદાલતે ઉપરોકત ચુકાદા વાળા કેસમાં, જે તે આરોપીની અરજી મંજુર કરી પોલીસ તપાસના આદેશ કરતો આપેલ ટ્રાયલ કોર્ટનો હુકમ મીકેનીકલ હુકમ હોવાનું ઠરાવી આ હુકમ રદ ઠરાવેલ હતો અને નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદા વાળા કેસની જેમ જ ઉપરોકત તમામ ચર્ચા કર્યા મુજબ હાલની હાથ પરની અરજીના કામે પણ અરજદારે તેઓની હાલની અરજી તથા અરજદારે પોલીસ સ્ટેશને તથા પોલીસ અધિક્ષકને આપેલ અરજી/ફરીયાદની સમગ્ર હકીકત જેમ ની તેમ વંચાણે લેવામાં

આવે તો તેના પરથી પણ અરજદારે તેઓની હાલની અરજીમાં દર્શાવેલ કલમોના ઉપરોકત ચર્ચા કર્યા મુજબના આવશ્યક તત્વો ફલીત થતા નથી અને તેથી નામદાર સર્વોચ્ચ અદાલતે ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેતા હાલના અરજદારની હાલની અરજી મંજુર થવા પાત્ર હોવાનું જણાઈ આવતુ નથી.

વધુમાં આ તબકકે અરજદારની અરજી ધ્યાને લેવામાં આવે તો અરજદારે હાલની અરજી બી.એન.એસ.એસ. ની કલમ–૧૭૩ (૪) મુજબની કરેલ હોવાનું જણાઈ આવે છે અને તેથી આ તબકકે બી.એન.એન.એસ. ની કલમ–૧૭૩ ની સમગ્ર જોગવાઈ વંચાણે લેવામાં આવે તો આ બી.એન.એન.એસ. ની કલમ–૧૭૩ ની જોગવાઈ ફકત કોગ્નીઝેબલ ગુનાની કલમોને જ લાગુ પડતી હોવાનું જણાઈ આવે છે અને ઉપરોકત તમામ ચર્ચા કર્યા મુજબ હાલના અરજદારે તેઓની હાલની અરજીમાં દર્શાવેલ આરોપી સામે આક્ષેપાયેલ ગુનાની કલમો ધ્યાને લેવામાં આવે તો તે કલમો પૈકી એમ.વી. એકટની કલમ–૧૭૭ અને ૧૩૩ તે નોન કોગ્નીઝેબલ ગુનાની કલમો હોવાનું જણાઈ આવે છે અને તેથી એમ.વી. એકટની ઉપરોકત કલમ–૧૭૭ અને ૧૩૩ ના કામે બી.એન.એન.એસ. ની કલમ–૧૭૩ લાગુ પડતી ન હોય એમ.વી.એકટની કલમ–૧૭૭ અને ૧૩૩ ના ગુના માટે પોલીસ તપાસના આદેશ આપી શકાય તેમ જણાઈ આવતુ નથી અને તેથી પણ અરજદારની હાલની અરજી મંજુર કરવી વચાજબી અને ન્યાયોચિત જણાતી નથી.

વધુમાં આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલતાના, **Priyanka Srivastava v. State of U.P. reported in (2015) 6 SCC 287, તથા Babu Venkatesh v. The State Of Karnataka reported in (2022) 5 SCC 639, વાળા આ બંને નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદા વંચાણે લેવામાં આવે તો આ ચુકાદાઓમાં નામદાર સર્વોચ્ચ અદાલતે, in an appropriate case, the learned Magistrate would be well advised to verify the truth and also verify the veracity of the allegations.** તેવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ હોવાનું જણાઈ આવે છે અને **આ સિધ્ધાંત**

**પરથી એવું ફલીત થાય છે કે, આ બંને ચુકાદાથી નામદાર સર્વોચ્ચ અદાલતે જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટને એવી સલાહ આપેલ છે કે, યોગ્ય કેસમાં તેઓએ અરજદારની અરજીમાં કરેલ આક્ષેપોની સત્યતા પણ ચકાસવી જોઈએ** અને તેથી હાલના આ કામના અરજદારે અત્રેની કોર્ટમાં કરેલ હાલની અરજીમાં ખુદ હાલના અરજદારે, તેઓએ હાલનો કહેવાતો અકસ્માતનો બનાવ બનેલ હોવા છતાં અને તેમાં તેઓના પત્નીનું અવસાન થયેલ હોવા છતાં પણ **તેઓની પત્નીની લાશનું પી.એમ. કરાવ્યા વિના તેઓની પત્નીની લાશનું અગ્ની સંસ્કાર કરી નાખ્યા બાદ ના ૧૨ દીવસના વિલંબ બાદ** પોલીસ સ્ટેશને અને પોલીસ અધિક્ષકશ્રીને અરજી/ફરીયાદ આપેલ હોવાનું જણાવેલ હોવાનું જણાઈ આવે છે અને તે ઉપરાંત હાલના અરજદારે પોલીસ સ્ટેશને અને પોલીસ અધિક્ષકને કરેલ અરજી/ફરીયાદની હકીકત ધ્યાને લેતા તેના પરથી પણ હાલની અરજીના હાલના અરજદારે કહેવાતો અકસ્માતનો બનાવ બનેલ હોવા છતાં અને તેમાં તેઓના પત્નીનું અવસાન થયેલ હોવા છતાં પણ **તેઓની પત્નીની લાશનું પી.એમ. કરાવ્યા વિના તેઓની પત્નીની લાશનું અગ્ની સંસ્કાર કરી નાખ્યા બાદના ૧૨ દીવસના વિલંબ બાદ** પોલીસ સ્ટેશને અને પોલીસ અધિક્ષકશ્રીને અરજી/ ફરીયાદ આપેલ હોવાનું જણાઈ આવે છે અને તેના પરથી હાલની અરજીના અરજદારે કહેવાતો અકસ્માતનો બનાવ બનેલ હોવા છતાં અને તેમાં તેઓના પત્નીનું અવસાન થયેલ હોવા છતાં પણ તેઓની પત્નીની લાશનું પી.એમ. કરાવ્યા વિના હાલના કહેવાતા બનાવના ૧૨ દીવસના લાંબા વિલંબ બાદ હાલના કહેવાતા બનાવની અરજી/ફરીયાદ પોલીસ સ્ટેશન અને પોલીસ અધિક્ષકને આપેલ હોવાનું જણાઈ આવતુ હોવાથી હાલના **હાથ પરના કેસની ખાસ હકીકત ધ્યાને લેતાં અરજદારની હાલની અરજીની સમગ્ર હકીકત તથા હાલના અરજદારે પોલીસ સ્ટેશને અને પોલીસ અધિક્ષકને આપેલ અરજી/ફરીયાદીની સમગ્ર હકીકત તથા હાલની અરજીના અનુસંધાને અરજદાર તરફે તથા ત.ક.અમલદાર તરફે રજુ થયેલ સાધનીક કાગળોની હકીકતની સત્યતા પણ ચકાસવી, નામદાર સર્વોચ્ચ**

**અદાલતના ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો મુજબ જરૂરી જણાઈ આવે છે** અને તેથી અરજદારની હાલની અરજી તથા અરજદારે પોલીસ સ્ટેશને અને પોલીસ અધિક્ષકને આપેલ અરજી/ફરીયાદ તથા તેના અનુસંધાને અરજદાર તરફે તથા ત.ક.અમલદાર તરફે રજુ થયેલ સાધનીક કાગળોની સમગ્ર હકીકત ધ્યાને લઈ તેની સત્યતાની ચકાસણી કરવામાં આવે તો, હાલના કીસ્સામાં આ કામના અરજદારે પોતાની હાલની અરજીમાં, તેઓ અરજદારે પોતાની પત્નીનું પી.એમ. કરાવ્યા વિના તેઓની પત્નીની લાશની અગ્ની સંસ્કારની વીધી કરી નાખવા બાબતે, **ગુજરનારની સારવાર કરનાર ડોકટરશ્રી પર એવા આક્ષેપ કરેલ હોવાનું જણાઈ આવે છે કે,** તેઓ અરજદાર કાયદાના અજ્ઞાન હોવાથી અને ડોકટરશ્રી કાયદાના જાણકાર હોવા છતાં ડોકટરશ્રીએ તેઓ અરજદારના પત્નીની લાશનું પી.એમ. કરાવ્યા વિના તેઓ અરજદારની પત્નીની લાશ તેઓ આ કામના અરજદારને સોંપી દીધેલ અને ડોકટરશ્રીના સ્ટાફે પણ તેઓને તેઓની પત્નીનું અગ્ની દાહ કરી દેવા જણાવેલ હોવાથી તેઓ અરજદારે તેઓની પત્નીનું પી.એમ. કરાવ્યા વિના તેઓની પત્નીની લાશને અગ્ની દાહ આપી દીધેલ **તેવો અરજદારે તેઓની અરજીથી ડોકટરશ્રી પર આક્ષેપો કરેલ હોવાનું જણાઈ આવે છે,** પરંતુ આ તબકકે **ત.ક.અમલદારશ્રીએ આ કામે આંક–૬ ના લેખીત રીપોર્ટ સાથે રજુ કરેલ પોલીસ સ્ટેશનની વર્ધીના ઉતારા ધ્યાને લેવામાં આવે તો તેના પરથી અરજદારની પત્નીની સારવાર કરનાર ડોકટરશ્રીએ અરજદારની પત્નીના કહેવાતા અકસ્માત બાબતે અને અરજદારની પત્નીના અવસાન બાબતે તથા અરજદાર તરફથી સદર બાબતે કોઈ કાર્યવાહી નહી કરવા માંગતા હોવા બાબતે કહેવાતા હાલના અકસ્માતના બનાવના દીવસે જ અરજદારને તેઓની હોસ્પીટલ સારવાર માટે લાવતા તરત જ પોલીસ સ્ટેશને કાયદેસરની બે વર્ધીઓ લખાવેલ હોવાનું જણાઈ આવે છે** અને તે ઉપરાંત **આ તબકકે ત.ક.અમલલદારે પણ આ કામે આંક–૯ ના રીપોર્ટ સાથે રજુ કરેલ હાલના અરજદારના પુત્ર ભરતસિંહનું લખાણ ધ્યાને લેવામાં આવે તો તેના પરથી પણ હાલની અરજીના આ**

**કામના અરજદારના દીકરા ભરતસિંહે ગુજરનારની સારવાર કરનાર ડોકટરશ્રી સમક્ષ લેખીતમાં લખાણ આપી, તેઓ હાલના બનાવ બાબતે આગળની કોઈ કાર્યવાહી કરવા માંગતા નહી હોવાનું અને તેથી ગુજરનારની લાશનો કબજો તેઓને સોંપવા અને આગળની કોઈ કાર્યવાહી બાબત હોસ્પીટલ કે પોલીસની જવાબદારી રહેશે નહી તેવું લખીને આપેલ હોવાનું જણાઈ આવે છે** અને તેથી જ ગુજરનારની સારવાર કરનાર ડોકટરશ્રી એ અરજદારની પત્નીની લાશનું પી.એમ. કરાવ્યા વિના અરજદારની પત્નીની લાશ અરજદારને સોંપેલ હોવાનું રેકર્ડ પરથી ફલીત થાય છે,**તે જોતા ખુદ અરજદાર તરફે તેઓના દીકરાએ ગુજરનારની સારવાર કરનાર ડોકટરશ્રી સમક્ષ લખાણ આપી, તેઓ હાલના બનાવ બાબતે આગળની કોઈ કાર્યવાહી કરવા માંગતા નહી હોવાનું અને તેથી ગુજરનારની લાશનો કબજો તેઓને સોંપવા અને આગળની કોઈ કાર્યવાહી બાબત હોસ્પીટલ કે પોલીસની જવાબદારી રહેશે નહી તેવું લખીને આપેલ હોવા છતાં હાલની અરજીના અરજદારે તેઓનું પત્નીનું પી.એમ. કરાવ્યા વિના તેઓની પત્નીનું અગ્નીદાહ કરી નાખયા બાદ તેઓની હાલની અરજીમાં, કોઈ અગમ્ય કારણોસર ગમે તે ભોગે કહેવાતા ગુનાની ફરીયાદ રજીસ્ટર્ડ કરાવવા માટે, ‘‘ ગુજરનારની સારવાર કરનાર ડોકટરશ્રીએ કાયદાના જાણકાર હોવા છતાં તેઓ અરજદારની પત્નીની લાશનું પી.એમ કરાવ્યા વિના તેઓ અરજદારની પત્નીની લાશ અરજદારને સોંપી દીધેલ હોવા બાબતના તદ્દન ખોટા અને પાયાવિહોણા આક્ષેપો ડોકટરશ્રી પર કરેલ હોવાનું જણાઈ આવે છે ’’** અને તે ઉપરાંત **અરજદારે હાલની અરજીથી પોલીસ પર પણ એવા આક્ષેપ કરેલ છે કે તેઓએ તા. ૨૭/૧૧/૨૦૨૫ ના રોજ તેઓની અરજી/ફરીયાદ બાબતે તેઓ કાંઈ કરવા માંગતા નહી હોવા અંગેનો તેઓનો પોલીસ રૂબરૂ કોઈ જવાબ નહી લખાવેલ હોવા છતાં પોલીસે પોતાની રીતે તેઓ હાલના કહેવાતા બનાવ બાબતે કાંઈ કરવા માંગતા નથી તેવો આરજદારનો જવાબ પોલીસે પોતાની રીતે લખી લઈ તેમાં પોલીસે ખોટી રીતે તેઓ અરજદારના અંગુઠાનું નીશાન પોતે કરી લીધેલ છે તેવા આક્ષેપ અરજદારે પોલીસ પર કરેલ હોવાનું જણાઈ આવે છે,** પરં

તુ આ કામે ત.ક.અમલદારે આંક–૫ થી તેઓનો લેખીત ખુલાસો કરી અરજદારના તા. ૨૭/૧૧/૨૫ ના તેઓ રૂબરૂના નીવેદનમાં અજરદારે પોતે પોતાનો અંગુઠો કરેલ હોવાનું જણાવેલ છે અને ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ત્યારબાદ **ખુદ અરજદારના વિ.વ.શ્રી એ તેઓની રજુઆતના સમયે અરજદારના તા. ૨૭/૧૧/૨૫ ના પોલીસ રૂબરૂના નીવેદનમાં અરજદારનો પોતાનો અંગુઠો હોવાની હકીકતનો ખુલ્લી અદાલતમાં સ્વીકાર કરેલ છે** તે જોતા **ખુદ અરજદારે પોતાના પોલીસ રૂબરૂના નીવેદનમાં તેઓ હાલના બનાવ બાબતે કાઈ કરવા માંગતા નહી હોવાનું લખાવી તેમાં પોતાના અંગુઠાનું નીશાન કરેલ હોવા છતાં હાલની અરજીના અરજદારે તેઓનું પત્નીનું પી.એમ. કરાવ્યા વિના તેઓની પત્નીનું અગ્નીદાહ કરી નાખયા બાદ તેઓની હાલની અરજીમાં, કોઈ અગમ્ય કારણોસર ગમે તે ભોગે કહેવાતા ગુનાની ફરીયાદ રજીસ્ટર્ડ કરાવવા માટે, " તેઓને હાલના બનાવ બાબતે કોઈ કાર્યવાહી કરવી નથી તેવું તેઓનું નીવેદન ગઢપોલીસે જાતે લખી લઈ તેમાં પોલીસે તેઓ અરજદારની ખોટી સહી કરી હોવા બાબતના તદ્દન ખોટા અને પાયાવિહોણા આક્ષેપો પોલીસ પર કરેલ હોવાનું જણાઈ આવે છે "** તેવું રેકર્ડ પરથી સપષ્ટ પણે ફલીત થાય છે અને આમ કરી અરજદાર ચોખ્ખા હાથે દાદ મેળવવા અત્રેની કોર્ટ સમક્ષ નહી આવેલ હોવાનું રેકર્ડ પરથી ફલીત થાય છે અને તેથી પણ અરજદારે તેઓની હાલની અરજીમાં તથા અરજદારે પોલીસ સ્ટેશને અને પોલીસ અધિક્ષકને આપેલ અરજીમાં વર્ણવેલ હાલના બનાવની હકીકત બાબતે પણ હાલની અરજીની અને આ કામે રજુ થયેલ સાધનીક કાગળોની સત્યતા ચકાસતા મહત્વની શંકા ઉભી થાય છે અને તેથી પણ હાલના અરજદારની હાલની અરજી મંજુર કરવી વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવતી નથી.

વધુમાં હાલની અરજીની હકીકત ધ્યાને લેવામાં આવે તો તેના પરથી અરજદારે હાલની અરજીમાં, હાલનો કહેવાતો બનાવ વડવાસથી ઉબરી જતા ગઢથી પાલનપુર જતા રોડ પર કુંભાસણ ચોકડી પાસે બનેલ હોવાનું જણાવેલ હોવાનું જણાઈ આવે છે, પરંતુ આ તબકકે ખુદ અરજદાર તરફે અને ત.ક.અમલદાર તરફે રજુ થયેલ

અરજદારની પત્નીની ડેથ સમરી ધ્યાને લેવામાં આવે તો આ ડેથ સમરીના ડોકટરશ્રી સમક્ષની હીસ્ટ્રીના કોલમમાં તકરારી કહેવાતા અકસ્માતનું સ્થળ **AT DANTIWADA** તેવું દર્શાવેલ હોવાનું જણાઈ આવે છે અને તે જોતા અરજદારની અરજીમાં જણાવેલ કહેવાતા બનાવના સ્થળમાં તથા અરજદારની પત્નીની ડેથ સમરીના ડોકટરશ્રી સમક્ષની હીસ્ટ્રીના કોલમમાં દર્શાવેલ બનાવ સ્થળમાં મહત્વનો વિરોધાભાસ જણાઈ આવે છે અને અરજદારની પત્નીના ડેથ સમરીના હીસ્ટ્રીના કોલમમાં હાલના કહેવાતો બનાવ દાંતીવાડામાં બનેલ હોવાનું દર્શાવેલ હોવાનું જણાઈ આવતુ હોવાથી, આ સ્થળ દાંતીવાડા પણ અત્રેની અદાલતના પ્રાદેશીક હકુમત ક્ષેત્રમાં આવતુ હોવાનું જણાઈ આવતુ નથી અને તેથી પણ અરજદારની હાલની અરજી મંજુર કરવી વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવતી નથી.

આમ ઉપરોકત તમામ ચર્ચા કર્યા મુજબ નામદાર સર્વોચ્ચ અદાલતે ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેતા અરજદારની હાલની અરજી તથા અરજદારે પોલીસ સ્ટેશને અને પોલીસ અધિક્ષકશ્રીને કરેલ અરજીમાં જણાવેલ હકીકતો જેમની તેમ વંચાણે લેતા તેના પરથી આરોપી સામે આક્ષેપાયેલ ગુનાના આવશ્યક તત્વો રેકર્ડ પરથી પ્રથમ દર્શનીય રીતે ફલીત થતા ન હોય તથા અરજદારે હાલની અરજીમાં જણાવેલ એમ.વી.એકટની કલમ–૧૭૭ અને ૧૩૩ ની કલમ નોન કોગ્નીઝેબલ ગુનાની હોઈ અને અરજદારે હાલની અરજી બી.એન.એસ. એસ. ની કલમ–૧૭૩ (૪) મુજબની હાલની અરજી કરેલ હોય અને આ કલમ–૧૭૩ ની જોગવાઈ માત્ર કોગ્નીઝેબલ ગુનાને લાગું પડતી હોઈ તથા અરજદારે પોલીસ અને ડોકટરશ્રી પર ખોટા આક્ષેપો કરી તેઓની અરજીમાં ખોટી હકીકતો રજુ કરેલ હોય તથા તે રીતે અરજદાર દાદ મેળવવા ચોખ્ખા હાથે કોર્ટ સમક્ષ આવેલ ન હોય અને અરજદારની હાલની અરજીમાં જણાવેલ બનાવ બાબતે મહત્વની શંકા ઉભી થતી હોય તથા અરજદારની અરજીમાં જણાવેલ કહેવાતો બનાવ અત્રેની કોર્ટની પ્રાદેશીક હકુમતમ ક્ષેત્રમાં બનેલ હોવા બાબતે પણ મહત્વની શંકા ઉભી થતી હોવાથી

અરજદારની હાલની અરજી મંજુર કરવી વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવતી નહી હોવાથી હાલની અરજી લગત ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: *હુકમ* ::–**

અરજદારની હાલની અરજી આથી ના–મંજુર કરવામાં આવે છે.

આ હુકમ આજ તા.**૧૬** મી**,** માહે **માર્ચ,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૬/૦૩/૨૬.

પાલનપુર.

**(સંદિપકુમાર જગદીશભાઈ ઠકકર)**
ફોર્થ એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
પાલનપુર.
(યુનિક આઈ.ડી. કોડ નં. ૧૨૭૭)

(SELF)